ક્રમાંક/જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/
પોલીસી/૧(૮)/૧૯
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી,ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૨૦ – ૦૪ – ૨૦૦૯.

:–: પ રિ પ ત્ર :–:

વિષય:– <u>નિગમની ફાળવણીની નીતિમાં સ્પષ્ટતા.</u>
સંદર્ભ:– (૧) પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)
૦૭ તા.૩૧–૦૫–૨૦૦૮.
(૨) પરિપત્ર ક્રમાંક.જીઆઈડી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૮)
૦૭/૧૯ તા.૧૮–૦૯–૨૦૦૮.

:–:

નિગમની ફાળવણીની નીતિમાં સુધારા અંગે તા.૩૧–૦૫–૨૦૦૮ ના પરિપત્રથી જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે. આ સંદર્ભે જુદા જુદા એસોસીએશન, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન તેમજ ઉદ્યોગકારો તરફથી તેમજ અન્ય સરકારી સંદર્ભો દ્વારા મળેલ રજુઆતોના અનુસંધાને સંદર્ભ–૨ ના પરિપત્રથી આંશિક સુધારો અમલમાં મુકવામાં આવેલ. તેના અનુસંધાને નીચે મુજબની સ્પષ્ટતા કરવાની જરૂર જણાય છે.

તા.૩૧–૦૫–૨૦૦૮ ના પરિપત્રના મુદ્દા નં.૯ ના (ક) અને (ખ) બાબતે સંદર્ભ–૨ તા.૧૮–૦૯–૨૦૦૮ ના પરિપત્રથી જરૂરી સુધારો કરેલ. તેના અનુસંધાને બાંધકામના નકશાની મંજુરી બાબતે સ્પષ્ટતા કરવામાં આવે છે કે "સદર પરિપત્રોની જોગવાઈઓ અનુસાર બાંધકામના નકશા મંજુરી અંગેની ફી / દંડ કરવાનો અમલ તા.૦૧–૦૯–૨૦૦૮ થી કરવાનો રહેશે."

વધુમાં સ્પષ્ટતા કરવાની કે પ્લોટનો કબજો લીધા તારીખથી ૦૩ (ત્રણ) માસ પછી નકશા મંજુરી અંગેની ફી / દંડ કરવાનો રહેશે.

આ પરિપત્રનો અમલ તાત્કાલિક અસરથી કરવો તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર (વિતરણ)ને નામજોગ પાઠવવી.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ....